## વિનિયોગ વિધેયકની ચર્ચામાં ભાગ લેનાર સભ્યશ્રીઓએ ઉપસ્થિત કરેલ મુદ્દાઓ બાબતે માન.મંત્રીશ્રી (નાણા) નો જવાબઃ (તા.૨૯/૦૨/૨૦૨૪)

માનનીય અધ્યક્ષશ્રી,

તા.૦૨.૦૨.૨૦૨૪ ના રોજ વર્ષ ૨૦૨૪-૨૫નું અંદાજપત્ર આ સન્માનનીય ગૃહમાં રજૂ કરવામાં આવ્યું. આ અંદાજપત્ર ઉપર ૪ દિવસ સામાન્ય ચર્ચા કરવામાં આવી હતી. જેમાં આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો અને મંતવ્યો રજૂ કર્યા હતા. તેને આવરી લઇને અત્રેથી યોગ્ય પ્રત્યુતર પણ આપવામાં આવેલ હતો.

માનનીય અધ્યક્ષશ્રી,

સંબંધિત વિભાગના મંત્રીશ્રીઓ દ્વારા માંગણીઓ રજૂ કરવામાં આવી હતી. આ માંગણીઓ ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ. આ સમય દરમિયાન વિપક્ષ દ્વારા કાપ દરખાસ્તો પણ રજૂ કરવામાં આવી હતી પરંતુ રજૂ થયેલ તમામ કાપ દરખાસ્ત નામંજુર કરવામાં આવેલ. ચર્ચાને અંતે જે-તે વિભાગના મંત્રીશ્રીએ માંગણીઓની ચર્ચાના સંદર્ભમાં યોગ્ય પક્ષ રજૂ કરીને માંગણીઓ પસાર કરવા અનુરોધ કર્યો હતો. આમ, ચર્ચાને અંતે ગૃહમાં રજૂ થયેલ વિભાગવાર માંગણીઓ બહુમતીથી પસાર કરવામાં આવી હતી.

માનનીય અધ્યક્ષશ્રી,

અલગ-અલગ વિભાગોની માંગણીઓની ચર્ચાના અંતે આપ માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહના સભ્યોને તેમના પ્રશ્નો / સૂચનો રજૂ કરવાની તક આપી હતી. સન્માનનીય સભ્યોના સૂચનો / પ્રશ્નોની જે-તે વિભાગે નોંધ પણ લીધેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

માન. ધારાસભ્યશ્રી અમૃતજી ઠાકોરે બનાસ નદી કાંઠે પુરથી થતા નુકસાનને અટકાવવા માટે સંરક્ષણ દિવાલ બનાવવામાં તંત્રની નિષ્ફળતા બાબતે ચિંતા વ્યક્ત કરેલ છે.

આ બાબતમાં હું સભાગૃહના માધ્યમથી જણાવવા માંગુ છુ કે, બનાસ નદી ગુજરાત રાજ્યના બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી પસાર થાય છે. રાજ્યમાં બનાસ નદીની લંબાઈ ૧૯૪ કિલોમીટર જેટલી છે. નદીનો સ્ત્રાવ વિસ્તાર રાજસ્થાન અને ગુજરાત રાજ્યના ઓછો વરસાદ ધરાવતા સૂકા પ્રદેશોમાં વિસ્તરીત થયેલો છે.

આ નદી પર દાંતીવાડા નજીક દાંતીવાડા ડેમ આવેલો છે આ ડેમ પૂરના નિયંત્રણ અને સિંચાઈના હેતુ માટે બનાવવામાં આવેલ છે. બનાસ નદીનો પટ અતિવિશાળ છે અને આ નદીમાં પૂરની પરિસ્થિતિ ખૂબ ઓછા વર્ષોમાં નિર્માણ થયેલ છે. પૂરની પરિસ્થિતિ સિવાય સામાન્ય સંજોગોમાં પસાર થતા પ્રવાહમાં નદી કિનારાઓમાં ધોવાણ

થતું નથી. પૂરની પરિસ્થિતિમાં થયેલ ધોવાણ અંગે રજૂઆતોને ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા વખતોવખત જરૂરી પગલાં લેવામાં આવેલ છે.

આ નદીમાં છેલ્લે વર્ષ ૨૦૧૭માં પુરની પરિસ્થિતિ નિર્માણ થયેલ હતી ત્યારબાદ પાછલા ૬ વર્ષોમાં પૂરની પરિસ્થિતિનું નિર્માણ થયેલ નથી. પૂર સંરક્ષણના કામો હાથ ધરતા પહેલા વિગતવાર સર્વેક્ષણ જરૂરી બને છે.

ધોવાણ અટકાવવા માટે સ્પર બાંધકામ, નદી પ્રવાહ અને મૂળ પ્રવાહની દિશામાં વાળવા માટે ખોદકામ તથા પુર સંરક્ષણ દિવાલ જેવા ઉપાયો કરવામાં આવે છે. બનાસ નદીમાં ચાલુ સાલે ડીસા તાલુકાના ચંદાજી ઘોડિયા ગામે પુર સંરક્ષણ દિવાલ બનાવવા માટે ₹ ૨.૩૫ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. આમ, અમારી સરકારે જરૂર જણાય ત્યાં પૂર સંરક્ષણ દિવાલ બનાવવા માટે કાર્યવાહી કરેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માનનીય ધારાસભ્યશ્રી અરવિંદ લાડાણીએ જુનાગઢ જિલ્લામાં ધોરીમાર્ગોનું સમયસર મરામતકામ કરાવવામાં તંત્રની નિષ્ફળતાનો મુદ્દો ઉપસ્થિત કરેલ છે જે બાબત સત્યથી વેગળી છે.

રાજયમાં માર્ગ અને મકાન વિભાગ હસ્તકનાં માર્ગોની સુધારણા અને રસ્તાઓનુ બાંધકામ રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ થકી હાથ ધરવામાં આવે છે. આ માર્ગોનાં બાંધકામ અને સુધારણાના કામોમાં કામ પૂર્ણ થયા બાદ ટેન્ડરમા સુચવેલ જોગવાઇ મુજબ ફ્રી મેઈન્ટેનન્સ

ગેરંટી પીરીયડની ઈજારદારોની જવાબદારીની જોગવાઈ કરવામાં આવે છે.

ગેરંટી પીરીયડમાં ઈજારદારની જવાબદારીનાં સમયમાં રસ્તા-પુલોને નુકશાન થાય તો ઈજારદારનાં ખર્ચે રીપેર કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. જો ઈજારદાર કામગીરી ન કરે તો તેની સામે ટેન્ડર ક્લોઝ મુજબના પગલા લઈ વિભાગ દ્વારા સમારકામની જરૂરી કામગીરી કરાવવામાં આવે છે. ફ્રી મેઈન્ટેનન્સ ગેરંટી પીરીયડ પુર્ણ થયા બાદ રસ્તાની જાળવણી અને મરામત વિભાગીય કચેરી દ્વારા જરૂરીયાત મુજબ કરવામા આવે છે.

ચોમાસા દરમ્યાન મરામત માટે આગોતરા આયોજન કરી કપચી, ગ્રીટ, રબલ, મેટલ, રેતી, ડામરનુ મીકસ મટીરીયલ વગેરેના વાર્ષિક ભાવો મંજુર કરી રાખવામાં આવતા હોય છે, જેથી પુર તથા ભારે વરસાદ જેવા તાકીદના સમયે નુકશાન પામેલા રસ્તાઓનુ તાત્કાલિક મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય કરવામાં આવે છે.

ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪માં રસ્તા અને પુલોના કામોમાં જુનાગઢ જીલ્લાના રાજ્ય હસ્તકના ૨૩ કામોની રૂ. ૧૨,૯૧૭ લાખ અને પંચાયત હસ્તકના ૪૯ કામોની રૂ. ૭૬૫૪ લાખ મળીને કુલ ૭૨ કામોની રૂ. ૨૦,૫૭૧ લાખની મંજુરી મળેલ છે.

આમ, જૂનાગઢ જિલ્લામાં રાજ્ય ધોરીમાર્ગ અને જીલ્લા ધોરીમાર્ગ માર્ગોનુ સમયસર મરામત કરવામાં તંત્રની નિષ્ફળતાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી,

માન. ધારાસભ્યશ્રી ઈમરાન ખેડાવાલાએ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવા છતા સમગ્ર અમદાવાદ શહેરને પૂરતા ફોર્સથી પાણી પુરૂ પાડવામાં તંત્રની નિષ્ફળતા અંગે વાત કરેલ છે.

જે બાબતે હું આ સન્માનનીય ગૃહને જણાવવા માંગુ છું કે, હાલમાં અમદાવાદ શહેરમાં આશરે કુલ ૪,૫૫૦ કીલોમીટર જેટલી લંબાઈમાં ડીસ્ટ્રીબ્યુશન નેટવર્ક આવેલ છે. તથા ૫૫૦ કીલોમીટર લંબાઈમાં મુખ્ય ટ્રંકમેઇન્સ આવેલ છે. જેનાથી શહેરના ૯૫ % જેટલા વિસ્તારને પાણીના નેટવર્કથી આવરી લેવામાં આવેલ છે. સમગ્ર શહેરમાં હાલમાં ૨૧૩૦ એમ.એલ.ડી. ક્ષમતાનો રો-વોટરનો સોર્સ ઉપલબ્ધ છે. જેની સામે ૧૬૦૦ એમ.એલ.ડી. જેટલી વપરાશ છે.

શહેરમાં શુધ્ધ પીવાનું પાણી પુરુ પાડવા માટે કોતરપુર ખાતે ૧૧૫૦ એમ.એલ.ડી., જાસપુર ખાતે ૪૦૦ એમ.એલ.ડી. અને રાસ્કા ખાતે ૨૦૦ એમ.એલ.ડી. મળી કુલ ૧૭૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના જળ શુધ્ધીકરણ મથક આવેલ છે. જેની સામે હાલની જરૂરીયાત મુજબ ૧૬૦૦ એમ.એલ.ડી. પાણી રોજ શુધ્ધ કરી વિતરણ કરવામાં આવે છે.

આ ઉપરાંત, શહેરમાં હાલમાં કુલ ૨૨૭ જળ વિતરણ મથક તથા ૯૨ ઓવરહેડ ટાંકીઓ સાથેની કુલ સંગ્રહ ક્ષમતા ૧૯૧૪ મીલીયન લિટર છે. જેમાંથી દૈનિક આશરે ૧૬૦૦ મીલીયન લિટર પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. મને જણાવતા આનંદ થાય છે કે,

અમદાવાદના શહેરીજનોને સરેરાશ ૧૫૦ લિટરથી વધુ પ્રતિવ્યક્તિ પ્રતિદિન શુધ્ધ પાણી પુરતા પ્રેશરથી પુરુ પાડવામાં આવે છે.

આમ, અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા શહેરને પૂરતા ફોર્સથી પાણી પુરૂ પાડવામાં આવતું હોઇ તંત્રની નિષ્ફળતાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માન. ધારાસભ્યશ્રી શ્રી ગુલાબસિંહ ચૌહાણે લુણાવાડા તાલુકાના પાલીવાલ ડેરીથી રાજગઢ વચ્ચેના કાચા માર્ગોને ડામર સપાટી સુધી લઇ જવામાં તંત્રની નિષ્ફળતા અંગે રજૂઆત કરેલ છે.

આ બાબત અંગે હું સભાગૃહનું ધ્યાન દોરતા જણાવવા માંગુ છું કે, લુણાવાડા તાલુકાના પાલીવાલ ડેરીથી રાજગઢ વચ્ચેના કાચા માર્ગોનો સમાવેશ ગોલાના પાલ્લા રાણપુર આંકલવા રોડ ૬.૩૩૦ કિ.મી. અન્ય જિલ્લા માર્ગ તથા રાજગઢ એપ્રોચ રોડ ૪.૭૭૦ કિ.મી. ગ્રામ્ય માર્ગમાં થાય છે. સદર બન્ને રસ્તાની પહોળાઈ ૩.૭૫ મીટર છે તથા બન્ને રસ્તા ડામર સપાટીવાળા તથા વાહન વ્યવહાર માટે યોગ્ય છે.

વધુમાં, ચાલુ વર્ષે ૨૦૨૩-૨૪ પંચાયત હસ્તકના ૧૨ કામોને કાચાથી ડામર સપાટી સુધી લઇ જવા માટે રૂ. ૧૪.૫૨ કરોડ મંજુરી મળેલ છે.

આમ, લુણાવાડા તાલુકાના પાલીવાલ ડેરીથી રાજગઢ વચ્ચેના કાચા માર્ગોને ડામર સપાટી સુધી લઇ જવામાં તંત્રની નિષ્ફળતાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનનીય ગૃહમાં રજુ થયેલ તમામ માંગણીઓ ચર્ચાને અંતે પસાર કરવામાં આવેલ છે. તે માટે હું સર્વે માનનીય સભ્યશ્રીઓનો આભાર વ્યકત કરૂં છું. જે માંગણીઓની ચર્ચા આ ગૃહમાં થઇ શકી નથી તે તમામ માંગણીઓને ગિલોટીનથી પસાર કરવામાં આવી હતી. હવે, આ ગૃહમાં મંજૂર થયેલ વિભાગવાર માંગણીઓને કાયદાનું સ્વરૂપ આપવા વિધયેક સ્વરૂપે પસાર કરવી જરૂરી હોઇ, હું સભાગૃહ સમક્ષ વર્ષ ૨૦૨૪ નું ગુજરાત વિનિયોગ વિધેયક રજૂ કરૂં છું. આ વિનિયોગ વિધેયક ગૃહમાં પસાર થયા પછી જ નિયત કરેલ યોજનાઓ માટે વર્ષ ૨૦૨૪-૨૦૨૫માં ખર્ચ કરી શકાશે. એટલે કે, નાણા વિભાગ દ્વારા ગ્રાન્ટની ફાળવણી કરી શકાશે. આથી, આ સભાગૃહના સૌ સભ્યો વિનિયોગ વિધેયક સર્વાનુમતે પસાર કરે તેવી વિનંતી કરૂં છું.